# ABBHYASH ACADEMY

**STD 10 Gujarati** **કુલ ગુણ : 80**

**Test paper 1**

**વિભાગ-A**

*** નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| 'કૃતિ' | 'કર્તા' |
|---|---|
| 1. શરણાઈના સૂર | (અ) રમણભાઈ નીલકંઠ (લેખક) |
| 2. પ્રયાણ | (બ) કૃષ્ણલાલ શ્રીધરાણી (લેખક) |
| 3. સામગ્રી તો સમાજની છે ને! | (ક) ચુનીલાલ મડિયા (લેખક) |
| | (ડ) વિકાસ શર્મા (લેખક) |

*** નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

4. ભર બજારે ચોગાનમાં રમઝુએ ................ રાગ ઉપાડયો. (ભૈરવી, અડાણો, સારંગી)
5. ટિકિટ માટે ભદ્રં ભદ્રં ....................... શબ્દ પ્રયોજે છે.
(નિમંત્રણ કાર્ડ, કંકોતરી, મૂલ્યપત્રિકા)

*** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

6. અમૂલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલ સ્વપ્નદૃષ્ટા હતા.
7. લેખક અને તેમના મિત્રોએ ડિશમાં ખાવાનું છાંડ્યું તે વૃદ્ધ સ્ત્રીઓને ન ગમ્યું.

*** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

8. ઉદ્યોગધંધા અને ટેક્નોલોજીની દૃષ્ટિએ કયો દેશ આગળ વધેલો છે?
9. 'સૂરજ તો બધે સરખો' પાઠના આધારે આગ્રામાં છોકરાંને શું જોવાની ઇચ્છા છે?
10. કંચનમાસી અને એના વરે કાન્તિને શું કહ્યું?

*** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

11. શરણાઈ વગાડતી વખતે રમઝુ મીર  સકીનાને કેવી રીતે સાચવતો ?
12. અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે?
13. વર્ગીસ કુરિયન શૈક્ષણિક યાત્રાને ટૂંકમાં વર્ણવો

*** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. ( કોઈ પણ 2 )** **[6]**

14. ભૂલ કરનારાએ દંડની ટીકીટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી?
15. પાઠમાં આવતા માનવ સ્વભાવ અને 'સૌંદર્ય માણવાને બદલે આવતા ખાણીપીણીમાં' વિશેષ રસ લેતા પ્રવાસીઓ વિષે નોંધ લખો.
16. પાર્વતીબા અને મોટાભાઈ માટે રમાનાં મનમાં કેવા ઈર્ષ્યાભાવ હતો તે પાઠનાં આધારે જણાવો

## વિભાગ-B

*** નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| 'કૃતિ' | 'પ્રકાર' |
|---|---|
| 17. મોરલી | (અ) સૉનેટ |
| 18. જીવન અંજલિ થાજો | (બ) પદ |
| 19. જીવમાં જીવ આવ્યો | (ક) ગઝલ |
| | (ડ) (ગીત) પ્રાર્થના |

*** નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

20. તાતા તાપે __________ રહ્યો રાફડો સાવ ધીરે-ધીરે.
(ખદખદી, ખદબદી, ખળખળી)
21. કવિ અજાણી વ્યક્તિના ખાલી હાથમાં ................ હોવાનું જણાવે છે ? (નસીબવાળી રેખા, દુ:ખોની રેખા, ઉષ્મા અને થડકો)

*** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

22. વૃંદાવનની મોરલીનો નાદ ગગનમાં ગાજે છે
23. કવિની નૈયા વમળોની વચ્ચે હાલકડોલક થશે.

*** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

24. મોરલી કાવ્યોમાં ‘વ્હાલો’ શબ્દ કોના માટે પ્રયોજાયો છે?
25. કવિ દરેક સ્પંદને શું ઈચ્છે છે ?
26. વરસાદ વરસવાથી પર્ણો પર શી અસર થઇ?

*** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

27. આ કાવ્યને આધારે કૃષ્ણના પહેરવેશનું વર્ણન કરો.
28. વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઇ?
29. હાથ મેળવવા’ દ્વારા કવિ શું સૂચવે છે ?

*** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[6]**

30. ‘જીવન અંજલિ થાજો’ શીર્ષકની યથાર્થતા ચર્ચો.
31. ‘જીવમાં જીવ આવ્યો’ – શિર્ષકની યથાર્થતા ચર્ચો.
32. ’આં બેય ખાલી હાથમાં કેટલું છે!’ – પંક્તિ જણાવો.

## વિભાગ-C

*** સમાનાર્થી શબ્દ વિશે આપેલ સુચના મુજબ લખો.** **[2]**

33. નીચેનામાંથી કયો શબ્દ 'વન' શબ્દનો સમાનાર્થી છે? (અ) અરણ્ય (બ) જંગલ (ક) અ-બ બંને સાચા

34. નીચેનામાંથી કયો શબ્દ 'કોપ' નો સમાનાર્થી શબ્દ છે ?
A. કછૂપું
B. ગુસ્સો
C. સાપ

*** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** **[2]**

35. 'મિત્ર' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.
(અ) પત્ર (બ) અત્ર (ક) શત્રુ

36. 'આવક' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો.
(A) શોક
(B) જાવક
(C) ઉજાસ

*** નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને ફરી લખો.** **[1]**

37. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?
(A) ચરિતાર્થ
(B) ચરિતારથ
(C) ચરીતાર્થ

*** સમાસ વિશે આપેલ સુચના પ્રમાણે કરો.** **[2]**

38. નીચેનામાંથી કયો સમાસ મધ્યમપદલોપી છે?
(A) સગાસંબંધી
(B) હસ્તઘડી
(C) ચિંતાતુર

39. નીચેનામાંથી કયો સમાસ દ્વંદ્વ છે?
(અ) પીતાંબર (બ) નર્મદા (ક) જન્મ - મૃત્યુ

*** નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** **[1]**

40. 'સોપાનો સર કરવાં' રૂઢિપ્રયોગનો અર્થ આપો .

*** આપેલ કહેવત સમજાવો.** **[1]**

41. 'ઘરડાં ગાડા વાળે' - કહેવત સમજાવો.

*** વાક્યને સુચના મુજબ કર્તરી કે કર્મણી વાક્ય બનાવો.** **[1]**

42. કૃષ્ણ મોરલી વગાડે છે.' - કર્મણિ વાક્ય બનાવો.

*** આપેલ વાક્યને સુચના મુજબ ભાવે કે પ્રેરક વાક્ય બનાવો.** **[1]**

43. 'મેં નિબંધ લખ્યો.'- પ્રેરક વાક્ય બનાવો.

*** આપેલ વાક્યમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.** **[2]**

44. તેનો સ્વર <u>કોમળ</u> હતો.

45. <u>ત્રણ-ત્રણ</u> વાર દાદ આપવા છતાં રમઝુએ શરણાઈ બંધ કરી નહિ."

*** વિશેષણ અંગે સુચના મુજબ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **[1]**

46. નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો.
(અ) ખરાબ (બ) મોટું (ક) ઝીણું

*** નીચેના વાક્યોમાં વિરામચિહનોનો ઉપયોગ કરી વાક્ય ફરી લખો.** **[2]**

47. સાવ મગજમેટ થઈ ગયો લાગે છે – યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

48. 'માંડવો વધાવાઈ ગયો' યોગ્ય વિરામ ચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

## વિભાગ-D

*** નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[4]**

49. ''પુસ્તક આધુનિક માનવીને આનંદ આપનાર સૌથી ઉમદા અને સૌથી શિષ્ટ સાધન છે. તેનો આનંદ અનેરો હોય છે. પુસ્તકની પ્રશસ્તિ કરીએ એટલી ઓછી. માણસને એની એવી મહોબ્બત છે કે પુસ્તક સાથે તે હસે છે, રડે છે, ઉદાસ થઈ જાય છે, આનંદ પામે છે. પુસ્તકની હાજરીમાં પોતાની જાત સાથે વાતો કરવા લાગે છે અને પોતાની જાતને ક્યારેક તો માત્ર પુસ્તક પાસે જ તે ખુલ્લી કરે છે. પુસ્તક માનવીને માટે દિલોજાન દોસ્ત છે. પુસ્તક એક વિસ્મયકારક વસ્તુ છે. તેને ભૌતિક શરીર હોય છે અને તેને આત્મા પણ હોય છે. વિચારો, લાગણીઓ, ધબકારા, જ્ઞાન, માહિતી, કંઈ કેટલુંય સંયોજિત થઈને તેમાંથી પુસ્તક બને છે. તેની સાથે તમે વાતો કરી શકો છો, સફર કરી શકો છો. દીવાની પાસે એકલા બેઠા હોઈએ અને સાથે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકે નથી."

**- મોહમ્મદ માંકડ**

*** આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ તથા વાર્તાને શીર્ષક આપો.** **[4]**

50. લુચ્ચો દુકાનદાર અને ગરીબ ગ્રાહક – ગરીબ ગ્રાહક નુ માળ-સમાન લેવા જવું – દુકાનદારે ઓછું તોળવું - ગરીબ ગ્રાહકે દુકાનદારને માલ બરાબર આપવા જણાવવું – વધારે ઊંચકવું નહિ પડે એમ દુકાનદારે કહ્યું – ગ્રાહકે ઓછા પૈંસા આપવા – દુકાનદારે પુરા પૈસા માટે માંગણી કરવી – વધારે પૈસા ગણવા નહિ પડે – ગ્રાહકનો જવાબ.

*** અહેવાલ લેખન** **[4]**

51. તમારી શાળામાં યોજાયેલ રમતોત્સવનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.

*** વિચાર વિસ્તાર ( કોઈ પણ 1 )** **[4]**

52. 'દીપકના બે દીકરા, કાજળ અને અજવાશ.
એક કપૂત કાળું કરે, બીજો દિયે પ્રકાશ.'

53. ઊગે કમળ પંકમાં તદપિ દેવશિરે ચડે,
નહિ કુળથી, કીન્તુ મૂલ મૂલવાય ગુણો વડે.

*** નિબંધ લેખન ( કોઈ પણ 1 )** **[8]**

54. પર્યાવરણની સુરક્ષા અને વૃક્ષ ઉછેર

55. વર્ષાનું તાંડવ :-

પ્રસ્તાવના – વર્ષાનાં બે સ્વરૂપ! અતિવૃષ્ટિ – અનાવૃષ્ટિ – અતિવૃષ્ટિનું રૌદ્ર સ્વરૂપ– માનવીની લાચારી – ખુવારીની ભયાનકતા – બચાવનાં ઉપાયો ને માનવસેવા -ઉપસંહાર.

અથવા

* **મારો યાદગાર પ્રવાસ**

**મુદ્દાઓ :** પ્રસ્તાવના-જીવનમાં પ્રવાસનું મહત્ત્વ - જોયેલા સ્થળનું વર્ણન - અનુભવો-ઉપસંહાર

----- -----

# ABBHYASH ACADEMY

STD 10 Gujarati **કુલ ગુણ : 80**

**Test paper 2**

**વિભાગ-A**

*** નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| 'પાત્ર' | 'પ્રકાર' |
|---|---|
| 1. શરણાઈના સૂર | (અ) પ્રસંગકથા (સાહિત્યપ્રકાર) |
| 2. પ્રયાણ | (બ) હાસ્યનિબંધ (સાહિત્યપ્રકાર) |
| 3. સામગ્રી તો સમાજની છે ને! | (ક) ટૂંકીવાર્તા (સાહિત્યપ્રકાર) |
| | (ડ) લઘુકથા |

*** નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

4. જાનને ............. પહોંચવાનું હતું. (સણોસરા, અંબાલા, મહુવા)
5. ભદ્રંભદ્ર અમદાવાદથી મુંબઈ ............... રીતે જવાના હતા ? (પોતાની કાર દ્વારા, જળમાર્ગે, આગગાડી દ્વારા)

*** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

6. અમૂલ ડેરીના સ્થાપક ત્રિભુવનદાસ પટેલ સ્વપ્નદૃષ્ટા હતા.
7. વૃદ્ધ સ્ત્રીઓ વધારે પીરસાવીને જમતી હતી

*** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

8. ગવરીના વિદાય પ્રસંગે રમઝુ મીરને કોનું સ્મરણ થાય છે?
9. ભદ્રંભદ્ર અને અંબારામ ક્યાં કાર્ય માટે પ્રયાણ કરી રહ્યા હતા ?
10. વર્ગીસ કુરીયનની ક્યા વિશ્વવિદ્યાલય કુલપતિ તરીકે નિમણૂક કરી હતી ?

*** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

11. 'અમુલ ડેરી 'માં કઈ કઈ પ્રોડકસનુ ઉત્પાદન થાય છે?
12. સિક્યોરીટી ઓફિસરે શું સમજાવ્યું ?
13. 'સૂર્યને જોવા માટે સર્વજ્ઞભાઇ મહાબળેશ્વર કરતા આબુ જવું ' એમ શા માટે કહે છે?

*** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. ( કોઈ પણ 2 )** **[6]**

14. 'સામગ્રી તો સમાજ ની છે ને !' પ્રસંગ કથા માંથી મળતો બોધ તમારા શબ્દો માં વર્ણવો.
15. આખરે સર્વજ્ઞભાઇ ક્યાય ન જવા માટે કેમ વિચારે છે?
16. પાર્વતીબા અને મોટાભાઈ માટે રમાનાં મનમાં કેવા ઈર્ષ્યાભાવ હતો તે પાઠનાં આધારે જણાવો

**વિભાગ-B**

* **નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| 'કૃતિ' | 'કર્તા' |
|---|---|
| 17. મોરલી | (અ) કરસનદાસ માણેક |
| 18. જીવન અંજલિ થાજો | (બ) સ્નેહી પરમાર |
| 19. જીવમાં જીવ આવ્યો | (ક) હરિકૃષ્ણ રામચંદ્ર પાઠક |
| | (ડ) મીરાબાઈ |

* **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

20. મોરલીનો નાદ .................... માં ગાજે છે. (ધરતી, દિશાઓ, ગગન)
21. કવિ ....... ..નો દીપક કદી ન ઓલવાય એમ ઈચ્છે છે. (અંધશ્રદ્ધા, શ્રદ્ધા, નિરાશા)

* **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

22. તાતા તાપે રાફડાઓ ખદબદી રહ્યા છે.
23. 'હાથ મેળવીએ' કાવ્ય 'છંદોલય' માંથી લેવામાં આવ્યું છે.

* **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

24. કોના દર્શનથી મીરાંબાઈનાં દુ:ખ દૂર થાય છે?
25. કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવાનું ઈચ્છે છે ?
26. ફોરા ઝરમર વરસ્યા ત્યારે પવન-ડમરી નુ શું થયું?

* **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

27. કવિ ક્યા ચાલવાનું કહે છે ?શા માટે ?
28. ટહૌકી ઉઠ્યો તરત વગડો, સીમ સોણે ગઈ ત્યાં ગાણે-ગાણે હરખ, ઘુઘવ્યા પૂર આઘા–પંક્તિ સમજાવો.
29. તમારા હાથમાં શું શું છે ?

* **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[6]**

30. ‘મોરલી’ કાવ્યને આધારે કૃષ્ણની રાસલીલાનું વર્ણન કરો.
31. ‘જીવન અંજલિ થાજો’ શીર્ષકની યથાર્થતા ચર્ચો.
32. ’આં બેય ખાલી હાથમાં કેટલું છે!’ – પંક્તિ જણાવો.

## વિભાગ-C

* **સમાનાર્થી શબ્દ વિશે આપેલ સુચના મુજબ લખો.** **[2]**

33. નીચેનામાંથી કયો શબ્દ ‘દાણ' શબ્દનો સમાનાર્થી છે? (અ) ખાવાનું દાણ (બ)જકાત (ક) જાણ
34. નીચેનામાંથી કયો શબ્દ ‘શ્વેત' શબ્દનો સમાનાર્થી છે?
(અ) શ્યામ (બ) ધવલ (ક) સ્વચ્છ

*** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** [2]

35. 'અમાસ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. (અ) પૂનમ (બ) કાળી (ક) અંધારી
36. 'રક્ષણ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. (અ) આનંદ (બ)રક્ષક (ક) ભક્ષણ

*** નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને ફરી લખો.** [2]

37. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? (અ) પીતાંબર (બ) પિતાંબર (ક) પિતાબર
38. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે ? (અ) ટિફિન (બ) ટીફિન (ક) ટિફીન

*** સમાસ વિશે આપેલ સુચના પ્રમાણે કરો.** [2]

39. 'પંચામૃત' શબ્દમાં કયો સમાસ રહેલો છે?
   A. દ્વિગુ સમાસ
   B. કર્મધરાય સમાસ
   C. બહુવ્રીહિ સમાસ
40. 'ત્રિલોક' શબ્દમાં કયો સમાસ રહેલો છે?
   A. દ્વિગુ સમાસ
   B. કર્મધરાય સમાસ
   C. બહુવ્રીહિ સમાસ

*** નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** [1]

41. 'સોપાનો સર કરવાં' રૂઢિપ્રયોગનો અર્થ આપો .

*** આપેલ કહેવત સમજાવો.** [1]

42. 'કડવું ઓસડ મા જ પાય'- કહેવત સમજાવો.

*** વાક્યને સુચના મુજબ કર્તરી કે કર્મણી વાક્ય બનાવો.** [1]

43. કૃષ્ણ મોરલી વગાડે છે.' - કર્મણિ વાક્ય બનાવો.

*** આપેલ વાક્યને સુચના મુજબ ભાવે કે પ્રેરક વાક્ય બનાવો.** [1]

44. 'બલાઈએ કાકીને પત્ર લખ્યો' - પ્રેરક વાક્ય બનાવો.

*** આપેલ વાક્યમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.** [2]

45. 'માણસે દુ:ખી માણસને મદદ કરવી જોઈએ."-રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.
46. 'દસ વરસના દીકરાને લઈને અહીં આવ્યો હતો.' - રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.

*** નીચેના વાક્યોમાં વિરામચિહનોનો ઉપયોગ કરી વાક્ય ફરી લખો.** [2]

47. સાવ મગજમેટ થઈ ગયો લાગે છે – યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.
48. હાલો મીર હવે હાંઉ કરો હાંઉ

**વિભાગ-D**

*** નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[4]**

49. શિસ્તના બે પ્રકાર છે : સ્વયંશિસ્ત અને ફરજિયાત શિષ્ટ. 'સોટી વાગે ચમચમ અને વિદ્યા આવે ધમધમ' એ ન્યાય મુજબ વિદ્યાર્થીઓ પર ફરજિયાત શિસ્ત લાદવામાં આવે છે; પરંતુ આજના જમાનામાં આવી શિસ્ત કારગત નીવડી શકે તેમ નથી. સ્વયંશિષ્ટ કે સ્વૈચ્છિક શિષ્ટના વાતાવરણમાં જ બાળકોનો સાચો વિકાસ થઇ શકે છે. ફરજિયાત પાળવવામાં આવતી શિસ્તમાં ભય હોય છે. સ્વયંશિસ્તમાં ભયને કોઈ સ્થાન હોતું નથી. વ્યક્તિઓ જાતે જ સમજી- વિચારીને શિસ્તનું પાલન કરે છે. આપણામાં સ્વયંશિસ્તની ભાવના કેળવાયેલી હશે તો અમેરિકાનું અને ઈંગ્લૅડની જેમ આપણા દેશની પણ પ્રગતિ થઇ શકશે. શિષ્ટના અભાવે અનેક સમસ્યાઓ ઊભી થાય છે. શાળાઓમાં વિધાર્થીઓની અનિયમિતતા, ઘોંઘાટ, માલ-મિલકતનું નુકશાન, હડતાલ, મારામારી વગેરે ગેરશિસ્તનાં જ પરિણામ છે. શિસ્તને સદ્વ્યવહાર સાથે ગાઢ સંબંધ છે. જ્યાં વિનય, વિવેક અને જવાબદારીની ભાવના હોય છે ત્યાં શિસ્ત જળવાય છે અને વાતાવરણ સુખદ બને છે .

*** આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ તથા વાર્તાને શીર્ષક આપો.** **[4]**

50. એક કઠિયારો – લાકડાં કાપવા જંગલમાં જવું – પાણી તરફ નમેલી ડાળ કાપવી – કુહાડીનું છટકવું – તળાવમાં પડી જવું – પાણીમાં જળદેવીનું પ્રગટથવું–સોનાની કુહાડી આપવી – કઠિયારાનો ઈનકાર – જળદેવીનું પાછા જવું – બીજી વખત ચાંદીની કુહાડી સાથે પ્રગટથવું – કઠિયારાનો ફરીથી ઈનકાર -જળદેવીનું પાછા જવું – મૂળ કુહાડી સાથે પ્રગટથવું – કઠિયારાને આપવી—કઠિયારાનું ખુશ થવું -કઠિયારાને જળદેવીનું ઈનામ – બોધ.

*** અહેવાલ લેખન** **[4]**

51. તમારી શાળામાં યોજાયેલ "પ્રજાસત્તાક દિનનો' અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.

*** વિચાર વિસ્તાર** **[4]**

52. સુખ દુઃખ છે જીવનની મેચ,
કોઈનો ફટકો તો કોઈનો કેચ.

અથવા

* 'શેરી મિત્રો સો મળે, તાળી મિત્રો અનેક,
જેમાં સુખ દુઃખ પામીએ, તે લાખોમાં એક;

*** નિબંધ લેખન** **[8]**

53. મોંઘવારીનું વિષચક્ર [મુદ્દા: 1. પ્રસ્તાવના 2. મોંઘવારી શું છે ? 3. મધ્યમ વર્ગના માનવીની હાલાકી4. મોંઘવારીની સમસ્યાઓ 5. મોંઘવારી ડામવાના પ્રયત્નો ને નિષ્ફળતા 6. ઉપસંહાર]

અથવા

*

**મારો યાદગાર પ્રવાસ**

**મુદ્દાઓ :** પ્રસ્તાવના-જીવનમાં પ્રવાસનું મહત્ત્વ - જોયેલા સ્થળનું વર્ણન - અનુભવો-ઉપસંહાર

અથવા

*

મોબાઈલના લાભાલાભ [મુદ્દા : પ્રસ્તાવના - આજનો યુગ- મોબાઈલ ટેક્નોલોજી -લાભો - ગેરલાભો - ઉપસંહાર. ]

----- -----

# ABBHYASH ACADEMY

STD 10 Gujarati Test Paper 3 કુલ ગુણ : 80

## Test Paper 3

**વિભાગ-A**

*** નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

1.

| અ(કૃતિ) | | બ(કર્તા) |
|---|---|---|
| Q.1. સૂરજ તો બધે જ સરખો<br>Q.2. નથી<br>Q.3. સામગ્રી તો સમાજની છે ને ? | (અ)<br>(બ)<br>(ક)<br>(ડ) | વિકાસ શર્મા<br>વિનોદ ભટ્ટ<br>મોહમ્મદ માંકડ<br>પ્રેમજીએન પટેલ |

*** નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

2. ભર બજારે ચોગાનમાં રમઝુએ ................ રાગ ઉપાડયો. (ભૈરવી, અડાણો, સારંગી)
3. શિયાળવાને........... પારીને ભદ્રંભદ્ર અને અંબારામ નાઠા. (વાઘ, વરુ)

*** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

4. વૃદ્ધ સ્ત્રીઓ વધારે પીરસાવીને જમતી હતી
5. આબુમાં અમદાવાદથી વધારે સહેલાણીઓ આવતી નથી.

*** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

6. વિદેશીઓ માટે લેખકનો ખ્યાલ શો હતો?
7. લેખકના મતે મોંઘવારીમાં દાર્જીલિંગમાં ફરવા માટે શું કરવું ?
8. કાન્તિ અને રમા ક્યાં જઈને વસે છે ?

*** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

9. ’અમુલ ડેરી ‘માં કઈ કઈ પ્રોડકસનુ ઉત્પાદન થાય છે?
10. તાજમહેલ વિશે લેખક શું કહે છે ?
11. કાન્તિએ નાનપણમાં રમતાં- રમતાં પથ્થર ફેંક્યો તે કોને વાગ્યો હતો? તેનું શું પરિણામ આવ્યું ?

*** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. ( કોઈ પણ 2 )** **[6]**

12. રમઝુ મીરનું શબ્દચિત્ર આલેખો
13. 'પ્રયાણ' નવલકથાખંડમાં નિષ્પન્ન થતી રમૂજનાં ચિત્રો વર્ણવો.
14. ઈજનેરીનો અભ્યાસ પૂર્ણ થતા કુરીયનની કઈ કંપની માં પસંદગી થઇ હતી? તે કંપની એમને શા માટે છોડી હતી?

**વિભાગ-B**

* **નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| (અ) કર્તા | (બ) કૃતિ |
|---|---|
| 15. | (અ) ક્યાં રે વાગી |
| 16. | (બ) જીવન અંજલિ થાજો |
| 17. | (ક) મોરલી |
| | (ડ) જીવમાં જીવ આવ્યો |

* **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

18. મોરલીનો નાદ .................. માં ગાજે છે. (ધરતી, દિશાઓ, ગગન)
19. કવિ ....... ..નો દીપક કદી ન ઓલવાય એમ ઈચ્છે છે. (અંધશ્રદ્ધા, શ્રદ્ધા, નિરાશા)

* **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

20. 'જીવમાં જીવ આવ્યો' એ સૉનેટ છે.
21. 'હાથ મેળવીએ' કાવ્યના કવિ અહીં અજાણી વ્યક્તિનો હાથ માગે છે.

* **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

22. કોના દર્શનથી મીરાંબાઈનાં દુ:ખ દૂર થાય છે?
23. ફોરા ઝરમર વરસ્યા ત્યારે પવન-ડમરી નુ શું થયું?
24. કવિ ખાલી હાથમાં શું હોવાનું અનુભવે છે?

* **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

25. કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે?
26. કવિ પોતાના ચરણોને વણથાક્યા કેમ કહે છે ?
27. વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઇ?

* **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[6]**

28. કાવ્યપંક્તિ સમજાવો
    "વમળોની વચમાં નૈયા મુજ હાલકડોલક થાજો ,
    શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો ."
29. પ્રથમ વરસાદ થયા પછી નવચેતનાને તમારા શબ્દોમાં વર્ણવો.
30. 'આં બેય ખાલી હાથમાં કેટલું છે!' – પંક્તિ જણાવો.

## વિભાગ-C

* **સમાનાર્થી શબ્દ વિશે આપેલ સુચના મુજબ લખો.** **[1]**

31. નીચેનામાંથી કયો શબ્દ 'વૃંદા' શબ્દનો સમાનાર્થી છે? (અ) ટોળું (બ) તુલસી (ક) વંદો

* **નીચે "અ" વિભાગમાં આપેલા શબ્દના સમાનાર્થી શબ્દો "બ" વિભાગમાંથી શોધીને લખો.** **[1]**

32. નીચેનામાંથી કયું જોડકું સમાનાર્થી માટે સાચું નથી?
A. મિત્ર – દુશ્મન
B. સફેદ – ધોળું
C. કોમલ - લીસું

*** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** **[1]**

33. 'રક્ષણ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. (અ) આનંદ (બ)રક્ષક (ક) ભક્ષણ

*** વિરુદ્ધાર્થી જોડકા અંગે આપેલ સુચના મુજબ કરો.** **[1]**

34. નીચે વિરુદ્ધાર્થી શબ્દનાં જોડકાં આપ્યાં છે, તેમાં કયું જોડકું ઉચિત નથી?
(અ) સ્વાવલંબી X પરાવલંબી (બ) સ્વાર્થ X પરમાર્થ (ક) પરાક્રમ X શૌર્ય

*** નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને ફરી લખો.** **[1]**

35. નીચેનામાંથી કઈ જોડણી સાચી છે?
(અ) વ્યથીત (બ) વ્યથિત (ક) વિથત

*** સંધિ વિશે આપેલ સુચના મુજબ કરો.** **[1]**

36. નીચેનામાંથી "પરીક્ષા' શબ્દની કઈ સંધિ યોગ્ય રીતે છોડેલી છે?
(અ) પરી + ઈક્ષા (બ) પરિ+ ઈક્ષા (ક) પરી+ક્ષા

*** સમાસ વિશે આપેલ સુચના પ્રમાણે કરો.** **[2]**

37. 'સપ્તાહ' શબ્દમાં કયો સમાસ રહેલો છે?
A. દ્વિગુ સમાસ
B. કર્મધરાય સમાસ
C. બહુવ્રીહિ સમાસ

38. નીચેનામાંથી કયો સમાસ દ્વંદ્વ છે?
(અ) પીતાંબર (બ) નર્મદા (ક) જન્મ - મૃત્યુ

*** નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** **[1]**

39. 'હૃદય હાથના રહેવું' રૂઢિપ્રયોગનો અર્થ આપો.

*** આપેલ કહેવત સમજાવો.** **[1]**

40. 'અધૂરો ઘડો છલકાય ઘણો.' - કહેવત સમજાવો.

*** વાક્યને સુચના મુજબ કર્તરી કે કર્મણી વાક્ય બનાવો.** **[1]**

41. 'બાપુથી સુંદરને છોડાયો' - કતીરવાક્ય બનાવો.

*** આપેલ વાક્યને સુચના મુજબ ભાવે કે પ્રેરક વાક્ય બનાવો.** **[1]**

42. 'બલાઈએ કાકીને પત્ર લખ્યો' - પ્રેરક વાક્ય બનાવો.

*** આપેલ વાક્યમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.** **[1]**

43. <u>ઊના</u> પાણીનું તો પેલું ઊજળું હાલ્લું છે.

* **વિશેષણ અંગે સુચના મુજબ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **[1]**

44. નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો.
(અ) ખરાબ (બ) મોટું (ક) ઝીણું

* **નીચેના વાક્યોમાં વિરામચિહનોનો ઉપયોગ કરી વાક્ય ફરી લખો.** **[1]**

45. હાલો મીર હાલો ઝટ વહેતા થાવ - યોગ્ય વિરામચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

* **આપેલ સુચના મુજબ કરો** **[1]**

46. કયા ચિહ્નો જોડમાં જ વપરાય છે?
(અ) ઉદ્ગાર ચિહ્ન (બ) અવતરણ ચિહ્ન (ક) પ્રશ્નાર્થ ચિહ્ન

## વિભાગ-D

* **નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[4]**

47. યુવાન માણસોમાં ઘણુંખરું મનમાં આવે તે કહી દેવાની ટેવ હોય છે, જેથી કરી લુચ્ચાઈમાં પાકા થયેલા માણસોનો તેઓ બિચારા ભોગ થઇ પડે છે. કોઈ લુચ્ચો માણસ તેમને કહેશે કે હું તમારો મિત્ર છું તો ખરે જ તેને ખરો મિત્ર ગણે અને ક્ષણિક મિત્રતાના વચનથી તેમાં વગર વિચારે બેહદ વિશ્વાસ રાખે. તેથી પોતાને હંમેશાં નુકસાન થાય; એટલું જ નહિ પણ ઘણી વખત વિનાશકારક પરિણામ નીપજે. આથી મોંઢે બોલીને દર્શાવેલી મિત્રતાથી સાવધ રહેવું. તેવા મિત્ર આવે ત્યારે તેમને ઘણી સલુકાઈથી મળવું, પણ તેમના બોલવામાં કાંઈ ભરોસો રાખવો નહિ.પહેલી જ મુલાકાતમાં અથવા થોડીક ઓળખાણમાં લોકો મિત્ર થઇ જાય છે એવું કદી ધારતા નહિ . ખરી મિત્રતા તો હળવે હળવે થાય છે અને અન્યોન્યના ગુણનું જ્ઞાન થયા વગર તે મિત્રતા વૃદ્ધિ પામીને કદી પક્વ થતી નથી.

* **આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ તથા વાર્તાને શીર્ષક આપો.** **[4]**

48. આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ લખી તેને શીર્ષક આપો : [મુદ્દા : એક લાવરી હતી- મકાઈના ખેતરમાં માળો બાંધી રહેતી હતી – પાક તૈયાર થઈ ગયો હતો - તેથી લાવરી બચ્ચાઓને બીજે જવાનું જણાવે છે - ખેડૂત પાડોશીઓ-સગાંઓની મદદથી પાક કાપવાનું વિચારે છે - એટલે લાવરી બચ્ચાઓને લઈને બીજે જતી નથી – આખરે ખેડૂત જાતે જ પાક કાપવાનું વિચારે છે - એટલે લાવરી બચ્ચાઓને લઈને ઊડી જાય છે.]

* **અહેવાલ લેખન** **[4]**

49. તમારી શાળામાં યોજાયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ અંગેનો અહેવાલ આશરે 100 શબ્દોમાં લખો.

* **વિચાર વિસ્તાર** **[4]**

50. આળસ એ જીવતા માણસની કબર છે.

અથવા

* દુ:ખીના દુ:ખની વાતો, સુખીના સમજી શકે;
સુખી જો સમજે પૂરું,દુ:ખના વિશ્વમાં ટકે.

* **નિબંધ લેખન** **[8]**

51. **માતૃપ્રેમ/મા તે મા**

**મુદ્દાઓ:** પ્રસ્તાવના -બાળઉછેર - બાળકમાં સંસ્કાર સિંચન - માનો નિઃસ્વાર્થ પ્રેમ - સઘળાં જીવોમાં માની મમતા - ઉપસંહાર

અથવા

*

**મારો યાદગાર પ્રવાસ**

**મુદ્દાઓ :** પ્રસ્તાવના-જીવનમાં પ્રવાસનું મહત્ત્વ - જોયેલા સ્થળનું વર્ણન - અનુભવો-ઉપસંહાર

અથવા

*

ઉનાળાની બપોર : [મુદ્દા : પ્રસ્તાવના - ઉનાળાની ઋતુ—બપોરનું વાતાવરણ - ગરમીની મનુષ્ય પર અસર - વાતાવરણની પશુ-પંખી પર અસર - ઉપસંહાર.]

----- -----

# ABBHYASH ACADEMY

**તારીખ : 23-05-2025** **STD 10 Gujarati** **કુલ ગુણ : 80**

**Test Paper 4**

**વિભાગ-A**

*** નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| પાત્ર' | ઉક્તિ' |
|---|---|
| 1. ભદ્રંભદ્ર | (અ) 'પૈસા તમારા છે, પણ સાધન-સામગ્રી તો બધી સમાજની છે.' |
| 2. પારવતીબા | (બ) દુષ્ટ યવન ! તારી ભ્રષ્ટ વાસનાને લીધે તું અજ્ઞાન રહ્યો છે.' |
| 3. સિક્યોરિટી ઑફિસર | (ક) 'તારો પૈસો મારે આજથી હરામ છે.' |
| | (ડ) 'શ્રી મોહમયીની બે મૂલ્યપત્રિકા આપો.' |

*** નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

4. લીલા રંગનું માથાબાંધણું ................ બાંધેલું હતું. (મેઘા ઢોલીએ, રમઝુ મીરે, ભૂધર મેરાઈએ)
5. ભદ્રંભદ્રના સાથીનું નામ ......... . (અંબારામ, અંબાલાલ, જયરામ)

*** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

6. આબુમાં પ્રસિદ્ધ નખીલેક આવેલું છે.
7. કાન્તિએ બાએ આપેલા પૈસાથી રમાની સારવારનો ખર્ચ કર્યો.

*** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

8. આપણે કઈ વસ્તુઓનો બગાડ કરીએ છીએ ?
9. 'સૂરજ તો બધે સરખો' પાઠના આધારે આગ્રામાં છોકરાંને શું જોવાની ઇચ્છા છે?
10. કાનિનું ઘર કેવું હતું ?

*** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

11. ભદ્રંભદ્રનુ વર્તન ક્યારે ક્યારે હાસ્ય જન્માવે છે?
12. તાજમહેલ વિશે સર્વજ્ઞભાઇ શું કહે છે?
13. કાન્તિએ નાનપણમાં રમતાં- રમતાં પથ્થર ફેંક્યો તે કોને વાગ્યો હતો? તેનું શું પરિણામ આવ્યું ?

*** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. ( કોઈ પણ 2 )** **[6]**

14. 'શરણાઈના સૂર' કૃતિના આધારે પિતાની વેદના આલેખો.
15. 'પ્રયાણ' નવલકથાખંડમાં નિષ્પન્ન થતી રમૂજનાં ચિત્રો વર્ણવો.
16. ભૂલ કરનારાએ દંડની ટીકીટની ફોટોસ્ટેટ નકલ કરી ઘરની દીવાલ પર કેમ રાખી?

**વિભાગ-B**

*** નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| 'કૃતિ' | 'કર્તા' |
|---|---|
| 17. મોરલી | (અ) ઊર્મિકાવ્ય |
| 18. જીવન અંજલિ થાજો | (બ) સોનેટ |
| 19. જીવમાં જીવ આવ્યો | (ક) પ્રાથના ગીત |
| | (ડ) પદ |

*** નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

20. મોરલીનો નાદ .................... માં ગાજે છે. (ધરતી, દિશાઓ, ગગન)
21. કવિ ..................કેડી પર પુષ્પ બની પથરાવા માગે છે. (કાંકરાવાળી, સતની કાંટાળી)

*** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

22. કૃષ્ણના મુખ પર મોરલી બિરાજે છે.
23. સોનેટમાં 16 પંક્તિ હોય છે.

*** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

24. કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવાનું ઈચ્છે છે ?
25. વરસાદ વરસવાથી પર્ણો પર શી અસર થઇ?
26. કવિ અજાણ્યા માણસને શું જણાવે છે?

*** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

27. કૃષ્ણ ક્યાં અને કેવી રીતે નાચે છે?
28. કવિ પોતાના ચરણોને વણથાક્યા કેમ કહે છે ?
29. ટહૌકી ઉઠ્યો તરત વગડો, સીમ સોણે ગઈ ત્યાં ગાણે-ગાણે હરખ, ઘુઘવ્યા પૂર આઘા–પંક્તિ સમજાવો.

*** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[6]**

30. કાવ્યપંક્તિ સમજાવો
“વમળોની વચમાં નૈયા મુજ હાલકડોલક થાજો ,
શ્રદ્ધા કેરો દીપક મારો નવ કદીયે ઓલવાજો .”
31. પ્રથમ વરસાદ થયા પછી નવચેતનાને તમારા શબ્દોમાં વર્ણવો.
32. ધન, સત્તા, કીર્તિનું કામ નથી એમ કવિ શા માટે કહે છે ?

## વિભાગ-C

*** સમાનાર્થી શબ્દ વિશે આપેલ સુચના મુજબ લખો.** **[1]**

33. નીચેનામાંથી કયો શબ્દ ‘લોચન’ નો સમાનાર્થી શબ્દ છે ?
A. આંખ

B. હેમ
C. જાણીતું

*** નીચે “અ” વિભાગમાં આપેલા શબ્દના સમાનાર્થી શબ્દો “બ” વિભાગમાંથી શોધીને લખો.** **[1]**

34. નીચેનામાંથી સમાનાર્થી શબ્દનું કયું જોડકું ઉચિત નથી ? (અ) રાત-રજની (બ) અનિલ-પવન (ક) હરખ-શોક

*** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** **[1]**

35. 'સ્મરણ' શબ્દનો વિરુદ્ધાર્થી શબ્દ શોધીને લખો. (અ) યાદ (બ) વિસ્મરણ (ક) સંસ્મરણ

*** વિરુદ્ધાર્થી જોડકા અંગે આપેલ સુચના મુજબ કરો.** **[1]**

36. નીચેનામાંથી કયું વિરોધી જોડકું ઉચિત છે ?
A. ફૂલ x પુષ્પ
B. નાદ x સાદ
C. રડવું x હસવું

*** નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને ફરી લખો.** **[2]**

37. જર્મની ટેકનોલોજીની........... એ પણ આગળ છે. (અ) દ્રષ્ટિ (બ) દર્ષ્ટિ (ક) દ્રષ્ટી
38. 'બીજા ટેબલ ઉપર કેટલીક સ્ત્રીઓ હતી. 'બીજા ટેબલ ઉપર કેટલીક સ્ત્રીઓ હતી. (અ) વ્રધ (બ) વૃદ્ધ (ક) વ્રૂધ

*** સંધિ વિશે આપેલ સુચના મુજબ કરો.** **[1]**

39. નીચેનામાંથી સાચી સંધિ શોધો.
A.દેવીચ્છા = દેવ + ઈચ્છા
B.સિંધૂમિ = સિંધુ + ઊર્મિ
C.વિધાર્થી = વિધા + અર્થી

*** સમાસ વિશે આપેલ સુચના પ્રમાણે કરો.** **[1]**

40. 'રાતદિવસ' માં કયો સમાસ સમાયેલો છે. ?
A. દ્વન્દ્વ સમાસ
B. મધ્યમપદલોપી સમાસ
C. ઉપપદ સમાસ

*** નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** **[1]**

41. 'પૈસા બરબાદ કરવા' રૂઢિપ્રયોગનો અર્થ આપો.

*** આપેલ કહેવત સમજાવો.** **[1]**

42. 'ઘરડાં ગાડાં વાળે '

*** વાક્યને સુચના મુજબ કર્તરી કે કર્મણી વાક્ય બનાવો.** **[1]**

43. મહારાજથી ખુશ થઈ જવાનું. - કર્તરીવાક્ય બનાવો.

*** આપેલ વાક્યને સુચના મુજબ ભાવે કે પ્રેરક વાક્ય બનાવો.** **[1]**

44. આપણે પોપટને છોડી દઈએ. – ભાવે વાક્ય બનાવો.

*** આપેલ વાક્યમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.** **[1]**

45. તેનો સ્વર કોમળ હતો.

*** વિશેષણ અંગે સુચના મુજબ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **[1]**

46. નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધીને લખો. (અ) મોટું (બ) નટખટ (ક) ડાહ્યું

*** નીચેના વાક્યોમાં વિરામચિહનોનો ઉપયોગ કરી વાક્ય ફરી લખો.** **[1]**

47. 'માંડવો વધાવાઈ ગયો' યોગ્ય વિરામ ચિહ્નો મૂકી વાક્ય ફરીથી લખો.

*** આપેલ સુચના મુજબ કરો** **[1]**

48. નીચેનામાંથી પ્રશ્નાર્થ ચિહ્ન કયું છે?
    A. ?
    B. !
    C. " "

## વિભાગ-D

*** નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[4]**

49. "લોકો મારું કામ જુએ કે ન જુએ, તેની કદર કરે કે ન કરે, મને શાબાશી આપે કે ન આપે, તોય હું સંપૂર્ણ નિષ્ઠાથી અને મારી શક્તિના ઉચ્ચતમ ધોરણ મુજબ મારું એ કામ કરતો રહીશ. પરીક્ષા હોય કે ન હોય તોયે હું સરખી રીતે વાંચીશ, કસોટીના ગુણ છેલ્લા પરિણામ માટે ગણાય કે ન ગણાય તોયે હું તે સરખી કાળજીથી લખીશ; ક્રિકેટમૅચ ટ્રૉફી માટેની હોય કે ખાલી 'મેત્રીરમત' હોય તોયે હું સરખા ઉત્સાહથી રમીશ. સ્થૂળ વળતરની આશા નહી, પણ મારા લાયક કામ કાર્યોના આત્મસંતોષ એ મારું પ્રેરકબળ હશે. મનના આ વલણને કલાકારો 'કલા ખાતર કલા' કહે છે. પણ છે તો જુદી જુદી પરિભાષા એક જ સિદ્ધાંતના ભાષાંતર. કામને આર્થે જ કરેલું ઉત્તમ કોટિનું કામ. પૂજામાં દેવમૂર્તિને ચોખા ચડાવાય છે. ચોખાના દાણા અક્ષત હોવા ઘટે. એ સારા દાણા ભેગો એક તૂટેલો હોય તો 'ચાલશે' એમ માને તે સાચો પૂજારી નથી." -ફાધર વાલેસ

*** આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ તથા વાર્તાને શીર્ષક આપો.** **[4]**

50. એક કંજૂસ-વાડામાં રૂપિયા દાટવા – દરરોજ રાતે રૂપિયા ગણવા – ચૌરનું જોઈ જવું – રૂપિયા કાઢી લેવા અને કાંકરા મુકવા – કંજૂસ ને જાણ – માંથું કુટવું – પડોશીનું મહેણું "હવે કાંકરા ગણજે" – બોધ

*** અહેવાલ લેખન** **[4]**

51. તમારી શાળામાં ધોરણ-12ના વિધાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો તેનો અહેવાલ તૈયાર કરો.

*** વિચાર વિસ્તાર ( કોઈ પણ 1 )** **[4]**

52. મરતાં મરતાં સંતો બીજાને સુખી કરે,
    બળતાં બળતાં ધૂપ સુવાસિત બધું કરે.

53. દુઃખીના દુઃખની વાતો, સુખીના સમજી શકે;
    સુખી જો સમજે પૂરું,દુઃખના વિશ્વમાં ટકે.

*** નિબંધ લેખન ( કોઈ પણ 1 )** **[8]**

54. મારું શૈશવ

[મુદ્દા: 1.પૂર્વભૂમિકા 2. શૈશવ: માતાની મમતાનું મૂલ્ય 3. બચપણનાં યાદગાર સંસ્મરણો4. બાળપણની વિશેષતાઓ 5. ઉપસંહાર]

55. પુસ્તકોની મૈત્રી

[મુદ્દા: 1.પ્રસ્તાવના 2. પુસ્તકોનું મહત્ત્વ 3. જીવન-ઘડતરમાં સારાં પુસ્તકોનો ફાળો 4. મનનીયઉદાહરણો 5. પુસ્તક : ઉત્તમ મિત્ર 6. પુસ્તકોની મૈત્રીના લાભ 7. ઉપસંહાર ]

56. આપણાં તહેવારો

----- -----

# ABBHYASH ACADEMY

**STD 10 Gujarati** **કુલ ગુણ : 80**

**Test paper 5**

**વિભાગ-A**

*** નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| 'પાત્ર' | 'પ્રકાર' |
|---|---|
| 1. શરણાઈના સૂર | (અ) પ્રસંગકથા (સાહિત્યપ્રકાર) |
| 2. પ્રયાણ | (બ) હાસ્યનિબંધ (સાહિત્યપ્રકાર) |
| 3. સામગ્રી તો સમાજની છે ને! | (ક) ટૂંકીવાર્તા (સાહિત્યપ્રકાર) |
| | (ડ) લઘુકથા |

*** નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

4. મેલા ઢોલીએ .......... રંગનું માથાબાંધણું બાંધેલું હતું. (ભૂરા રંગનું, લીલા રંગનું, કાળા રંગનું)
5. ભદ્રંભદ્રના સાથીનું નામ ......... . (અંબારામ, અંબાલાલ, જયરામ)

*** નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

6. ડો. વર્ગીસ કુરિયનનો જન્મ કેરળ રાજયના રાજકોટ ગામે થયો હતો.
7. હોટેલમાં બનેલી ઘટનાએ લેખકને તથા તેમના દુશ્મનોને ખોટી આદત સુધારવાનો પાઠ ભણાવ્યો.

*** નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

8. રમઝુ મીરના પગ ક્યાં આગળ થંભી ગયા ?
9. આબુમાં કયું પ્રસિદ્ધ લેક આવેલું છે ?
10. એક દિવસ કાન્તિએ બાને શું કહ્યું?

*** નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

11. અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે?
12. દૂધ ઉત્પાદક સહકારી મંડળીના વિચાર અને કાર્યોનાં પ્રચાર પ્રસાર માટે બનેલી ફિલ્મ મંથન વિષે ટૂંકમાં નોંધ લખો .
13. સિક્યોરીટી ઓફિસરે શું સમજાવ્યું ?

*** નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર આપો. ( કોઈ પણ 2 )** **[6]**

14. રમઝુ મીરનું શબ્દચિત્ર આલેખો
15. આખરે સર્વજ્ઞભાઇ ક્યાય ન જવા માટે કેમ વિચારે છે?
16. પાર્વતીબા અને મોટાભાઈ માટે રમાનાં મનમાં કેવા ઈર્ષ્યાભાવ હતો તે પાઠનાં આધારે જણાવો

**વિભાગ-B**

* **નીચે આપેલા જોડકામાંથી યોગ્ય જોડકું પસંદ કરી ઉત્તર લખો.** **[3]**

| 'કૃતિ' | 'પ્રકાર' |
|---|---|
| 17. મોરલી | (અ) સૉનેટ |
| 18. જીવન અંજલિ થાજો | (બ) પદ |
| 19. જીવમાં જીવ આવ્યો | (ક) ગઝલ |
| | (ડ) (ગીત) પ્રાર્થના |

* **નીચે આપેલી ખાલી જગ્યામાં યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** **[2]**

20. 'મોરલી' કાવ્યમાં કૃષ્ણ માટે નીચેનામાંથી ............... શબ્દ વપરાયો નથી. (પ્રભુ, વ્હાલો, માખણચોર)
21. કવિ ભૂખ્યાના માટે ................ બનવા કહે છે. (ભોજન, અન્નક્ષેત્ર, હોટલ)

* **નીચેનાં વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો :** **[2]**

22. વરસાદ વરસવાથી પ્રકૃતિનાં ચિત્રો બદલાઈ ગયાં.
23. સારું-નઠારું કામ કવિ કયા કારણસર અજ્ઞાનથી હોવાનું જણાવે છે.

* **નીચે આપેલા પ્રશ્નોના એક વાક્યમાં ઉત્તર લખો.** **[3]**

24. મોરલી કાવ્યોમાં 'વ્હાલો' શબ્દ કોના માટે પ્રયોજાયો છે?
25. વરસાદ પહેલાં શું હતું ?
26. કવિ અજાણી વ્યક્તિના હાથમાં શું હોવાની વાત કરે છે?

* **નીચેના પ્રશ્નોના બે-ત્રણ વાક્યમાં ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[4]**

27. કવિ પોતાના ચરણોને વણથાક્યા કેમ કહે છે ?
28. વરસાદ વરસવાથી પ્રકૃતિ પર તેની શી અસર થઇ?
29. હાથ મેળવવા' દ્વારા કવિ શું સૂચવે છે ?

* **નીચે આપેલા પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. ( કોઈ પણ 2 )** **[6]**

30. 'મોરલી' કાવ્યને આધારે કૃષ્ણની રાસલીલાનું વર્ણન કરો.
31. 'જીવન અંજલિ થાજો' શીર્ષકની યથાર્થતા ચર્ચો.
32. 'જીવમાં જીવ આવ્યો' – શિર્ષકની યથાર્થતા ચર્ચો.

## વિભાગ-C

* **સમાનાર્થી શબ્દ વિશે આપેલ સુચના મુજબ લખો.** **[1]**

33. નીચેનામાંથી કયો શબ્દ 'તડકો' નો સમાનાર્થી શબ્દ છે ?
    A. છાયો
    B. અનીલ
    C. તાપ

*** નીચે “અ” વિભાગમાં આપેલા શબ્દના સમાનાર્થી શબ્દો “બ” વિભાગમાંથી શોધીને લખો.** **[1]**

34. નીચેનામાંથી કયું જોડકું સમાનાર્થી માટે સાચું નથી?
    A. પ્રવૃત્તિ – સક્રિય
    B. સ્મૃતિ – યાદ
    C. હુકમ – આજ્ઞા

*** નીચેના શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.** **[1]**

35. નીચેનામાંથી કયો શબ્દ ‘નીડર’ નો વિરોધી છે ?
    A. ડરપોક
    B. બહાદુર
    C. યોદ્ધા

*** વિરુદ્ધાર્થી જોડકા અંગે આપેલ સુચના મુજબ કરો.** **[1]**

36. નીચેનામાંથી કયું વિરોધી જોડકું ઉચિત છે ?
    A. ફૂલ x પુષ્પ
    B. નાદ x સાદ
    C. રડવું x હસવું

*** નીચે આપેલ શબ્દોની જોડણી સુધારીને ફરી લખો.** **[2]**

37. A. ઊર્મિ
    B. ઉર્મિ
    C. ઉરમી

38. A. કુટુમ્બ
    B. કુટુંબ
    C. કૂતુંબ

*** સંધિ વિશે આપેલ સુચના મુજબ કરો.** **[1]**

39. ‘તપસ્ + ચર્યા’ માટે નીચેનામાંથી સાચી સંધિ શોધો.
    A.તાપશ્ચર્યા
    B.તપશ્ચર્ય
    C.તપશ્ચર્યા

*** સમાસ વિશે આપેલ સુચના પ્રમાણે કરો.** **[1]**

40. ‘હરતાફરતા’ માં કયો સમાસ સમાયેલો છે. ?
    A. દ્વન્દ્વ સમાસ
    B. મધ્યમપદલોપી સમાસ
    C. ઉપપદ સમાસ

*** નીચે આપેલ રૂઢિપ્રયોગનો અર્થ આપી વાક્યમાં પ્રયોગ કરો.** **[1]**

41. ભોઠાં પડવું

*** આપેલ કહેવત સમજાવો.** **[1]**

42. 'અપના હાથ જગન્નાથ'

*** વાક્યને સુચના મુજબ કર્તરી કે કર્મણી વાક્ય બનાવો.** **[1]**

43. મહારાજથી ખુશ થઈ જવાનું. - કર્તરીવાક્ય બનાવો.

*** આપેલ વાક્યને સુચના મુજબ ભાવે કે પ્રેરક વાક્ય બનાવો.** **[1]**

44. પિતાજીએ મારી પાસે પત્ર વંચાવ્યો. – ભાવે વાક્ય બનાવો.

*** આપેલ વાક્યમાં રેખાંકિત વિશેષણનો પ્રકાર જણાવો.** **[1]**

45. હું તો <u>એક</u> નાનો સિપાહી છું.

*** વિશેષણ અંગે સુચના મુજબ આપેલ વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **[1]**

46. નીચેનામાંથી અવિકારી વિશેષણ શોધો.
A. ઝીણું
B. ખાલી
c.વ્યવહાર ડાહ્યું

*** નીચેના વાક્યોમાં વિરામચિહનોનો ઉપયોગ કરી વાક્ય ફરી લખો.** **[1]**

47. બરફનો ગાંગડો લાવ્યો છે કે ગાંગડી

*** આપેલ સુચના મુજબ કરો** **[1]**

48. નીચેનામાંથી ઉદગારચિહ્ન કયું છે ?
A. ' '
B. !
C. " "

**વિભાગ-D**

*** નીચે આપેલા ગદ્યખંડનો આશરે ત્રીજા ભાગમાં સંક્ષેપ કરી તેને યોગ્ય શીર્ષક આપો.** **[4]**

49. વ્યક્તિને માટે શું કે સમાજને માટે શું, જીવનના ત્રણ પ્રકાર છે. બીજાને મારીને જીવવું એ પ્રકાર સર્વત્ર છે જ . આને જ જીવનકલહ કહે છે. આ પ્રકારથી જીવન ટકે છે અથવા બહુ બહુ તો વિસ્તાર પામે છે એટલો જ એમાં લાભ છે. પણ એમાં જીવન સાફલ્ય નથી.બીજો પ્રકાર તે પરસ્પર સહકારનો છે. દરેક જાતી,રાષ્ટ્ર કે ધર્મ પોતાની વિશેષતાને કારણે જ એકાંગી હોય છે. એકબીજાના સહકારથી એકાંગીપણું માટી જાય છે. અને તેથી જીવનનો વિકાસ થાય છે. આમાં જીવનનો ઉત્કર્ષ છે. પણ એમાં જીવનની સર્વોચ્ચ સાર્થકતા નથી દેખાતી. જીવન પણ અંતે આત્મ સાક્ષાત્કાર નું સાધન જ છે.એ સાર્થક્ય ધ્યાનમાં આવ્યાં પછી સ્વાર્પણ માટે જીવવું એ મનુષ્ય હૃદયને સ્ફુરે છે. આ સ્વાર્પણ દ્વારા જે જીવન લાધે છે તે કઇ જુદું જ છે. એ મારફત જ જીવનનો પરમ ઉદ્દેશ્ય સમજાય છે. અને જીવન સફળ થાય છે.

*** આપેલા મુદ્દાઓ પરથી વાર્તા લખો અને તેમાંથી મળતો બોધ તથા વાર્તાને શીર્ષક આપો.** **[4]**

50. દૂધવાળો દૂધ વેચવા જાય છે – રસ્તામાં નદી – દુધના ઘડામાં પાણી મેળવે છે – નફો કમાઈ પાછો વળે છે – નદીમાં પાણી પીવા જાય છે – અડધા પૈસા પાણીમાં પાડીને તણાઈ જાય છે – અફસોસ – બોધ

*** અહેવાલ લેખન** **[4]**

51. તમારી શાળામાં યોજાયેલ રક્તદાન શિબિરનો અહેવાલ આધરે સો શબ્દોમાં તૈયાર કરો.

*** વિચાર વિસ્તાર ( કોઈ પણ 1 )** **[4]**

52. સુખ દુઃખ છે જીવનની મેચ,
કોઈનો ફટકો તો કોઈનો કેચ.

53. 'શેરી મિત્રો સો મળે, તાળી મિત્રો અનેક,
જેમાં સુખ દુઃખ પામીએ, તે લાખોમાં એક;

*** નિબંધ લેખન ( કોઈ પણ 1 )** **[8]**

54. **તમને શું ગમે? ઑનલાઈન કે ઑફલાઈન શિક્ષણ...**
**મુદ્દાઓ:** પ્રસ્તાવના-ઑનલાઈન/ઑફલાઈન શિક્ષણના ફાયદા-ગેરફાયદા – ઉપસંહાર

55. **માતૃપ્રેમ/મા તે મા**
**મુદ્દાઓ:** પ્રસ્તાવના -બાળઉછેર - બાળકમાં સંસ્કાર સિંચન - માનો નિઃસ્વાર્થ પ્રેમ - સઘળાં જીવોમાં માની મમતા - ઉપસંહાર

56. **મારો યાદગાર પ્રવાસ**
**મુદ્દાઓ :** પ્રસ્તાવના-જીવનમાં પ્રવાસનું મહત્ત્વ - જોયેલા સ્થળનું વર્ણન - અનુભવો-ઉપસંહાર

----- -----